ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૨૯ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં વિશ્વ મહિલા દિવસ ઉજવાયો

શહેરની વિવિધ સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા

સરકારી વાણિજ્ય કોલેજ ખાતે ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા મહિલા દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૮

સરકારી વાણિજ્ય કોલેજ સેક્ટર ૧૫ ગાંધીનગર ખાતે ૮મી માર્ચ ૨૦૨૧ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અતિથિ વિશેષ તરીકે વી. એસ ગઢવી નિવૃત્ત સચિવશ્રી અને સીની.સિવીલ જજ, ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, ગાંધીનગર, શ્રીમતી વિમળાબેન અયાચી- નિવૃત રજીસ્ટાર અને પેરા લિગલ વોલિયેન્ટર, ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, ગાંધીનગર, સુધિર દેસાઇ - ગુજરાત કાનૂની સત્તા મંડળ, વાડો કાઇ કરાટે એકેડમી ગાંધીનગરના ડીસ્ટ્રીકટ ડિરેક્ટર ગૌરાંગ રાણા, કરાટે કોચ લીપ્સી ભટ્ટ અને અનેરી પટેલ, લાયન્સ ક્લબ ગાંધીનગરના પ્રેસિડેન્ટ મીતા રાણા, લાયન્સ ક્લબ ગાંધીનગરના સેક્રેટરી સ્વાતિ ગોર તેમજ લાયન્સ ક્લબ ગાંધીનગરના અન્ય અભ્યો ઉપરાંત સરકારી વિનયન કોલેજ ગાંધીનગરના આચાર્યશ્રી અનુપા ચૌહાણ હાજર રહ્યા હતા. વાડો કાઈ અકેડમીના ડિરેક્ટર ગૌરાંગ રાણાએ વિદ્યાર્થીનીઓને કરાટે ની તાલીમ આપીને સ્વબચાવ માટે માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

આ ઉપરાંત સચિવશ્રી વી.એસ ગઢવી, શ્રીમતી વિમળા અયાચી તેમજ શ્રી સુધીર દેસાઈ દ્વારા વિદ્યાર્થીઓને મહિલા કાનુની શિબિર અંતર્ગત સરકાર શ્રી દ્વારા ઘડવામાં આવેલા સ્ત્રીઓને લગતા વિવિધ કાયદાઓ તેમજ અધિકારો અંગે સચોટ માર્ગદર્શન આપવામાં આપ્યું હતું. જેમાં કોલેજના આશરે ૧૩૦ છોકરાઓ, ૯૦ છોકરીઓ તેમજ કોલેજના સમસ્ત સ્ટાફ હાજર રહ્યા હતા. આ ઉપરાંત કોલેજમાં વિદ્યાર્થીનીઓને ઉપયોગી સેનેટરી વેન્ડિંગ મશીનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી. કોલેજના આચાર્યશ્રી ડૉ . એ એન સુતરીયાએ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

વિશ્વ મહિલા દિન નિમિત્તે વોર્ડનં.૭માં કોંગ્રેસના કોર્પોરેટર હિરલ જોષી, રાકેશભાઈ ટપેલ તથા શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ ઉર્પલ જોષી દ્વારા મહિલા સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ વિસ્તારમાં કાર્યરત સફાઈકર્મી મહિલાઓનું સન્માન કરી તેઓને ભેટ આપવામાં આવી હતી.

સ્મિત મ્યુઝિક સ્ટુડીયો દ્વારા વિશ્વ મહિલા દિન નિમિત્તે ફેસબુક લાઈવ કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીનગરના મહિલા અગ્રણીઓ મમતા બુચ, રીના પુરોહિત, સંજલ વાળા, અંજલીબેન માંકડ સહિત અનેક મહિલાઓ આ ફેસબુક લાઈવ કાર્યક્રમમાં જોડાયા હતા. ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ અને કોર્પોરેટર હર્ષાબા ધાંધલે પણ ઓનલાઈન હાજરી આપી કાર્યક્રમને માણ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન જયોતિબેન ગજ્જર અને ભરતભાઈ ગજ્જરે કર્યું હતું.

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોમર્સ કોલેજ

આજે વિશ્વ મહિલા દિવસના પ્રસંગે વિદ્યાર્થીનીઓને ઉચ્ચ શિક્ષણ અને આત્મનિર્ભરતા વિશે માહિતી આપતો કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રીતુ સકસેનાએ શિક્ષણને પ્રાથમિકતા આપી હતી તેમજ વિદ્યાર્થીનીઓ પગભર થાય તે બાબતને મહ્તવ આપ્યું હતું. કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા ડીબેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના અધ્યાપકોએ પણ 'નારી ગૌરવ'ની વાતો પર પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

'જિંદગીના રંગમંચ પર રીહર્સલ વગર દરેક ભૂમિકા સફળતા પૂર્વક નિભાવતું ઈશ્વરનું અદ્‌ભૂત સર્જન એટલે સ્ત્રી.' વિશ્વ મહિલા દિવસ ની શ્રી જે. એમ. ચૌધરી વિદ્યાલય ખાતે ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ઈજુબેન ચૌધરી દ્વારા શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને ખુબજ પ્રોત્સાહક પ્રવચન આપી સ્ત્રી એ સમાજનું એક મજબૂત અંગ છે અને રાષ્ટ્ર વિકાસમાં પણ મહિલાનો ફાળો ખુબ જ છે. તે અંગે પ્રેરણાત્મક પ્રવચન આપવામાં આવ્યું હતું. અન્ય શિક્ષકોએ પણ મહિલા દિન ઉપર પ્રવચનો આપ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક ખાતે મહિલા દિવસની ઉજવણી

સ્ત્રી-શકિત, સહન શકિત અને કરુણાનો ત્રિવેણી સંગમ છે. દુનિયાનું અસ્તિત્વ સ્ત્રી વગર શકય નથી. શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી સ્વામીજીના આશીર્વાદ અને પ્રોફેસર ધર્મેશ વંડરા અને પ્રોફેસર ભાવિક શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ડાન્સ, નાટક, માઈમ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરી હતી તથા કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્ત્રી સશકિતકરણ અંતર્ગત રંગોળી, આર્ટ એન્ડ ક્રાફ્ટ, રમતો જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

બ્રહ્માકુમારીઝ સંસ્થા સેકટર-૨૮ ખાતે હ્યુમન વેલ્ફેર ફાઉન્ડેશનના સહયોગથી 'મહિલા સશકિતકરણ' સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને મેયર રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત બી.કે. કૈલાશદીદી, બી.કે. નેહાબેન, ભાવનગરથી પધારેલા ભ્રાતા કર્ણવભાઈ જોશી અને પ્રકાશભાઈ સકસેના ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૮મી માર્ચ મહિલા દિવસ અંતર્ગત જિલ્લા ક્ષયકેન્દ્ર ગાંધીનગર ખાતેના તમામ મહિલા કર્ચમારીઓને જિલ્લા ક્ષય અધિકારી એમ.બી. ચૌહાણ અને જિલ્લા ક્ષય કેન્દ્રના તમામ કર્મચારીઓ દ્વારા ગુલાબનું ફુલ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

વાવોલ ખાતે સિદ્ધાર્થ રેસીડેન્સી સોસાયટીની મહિલાઓ દ્વારા કેક કાપીને વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીમાં સોસાયટીની મહિલાઓ સાથે બાળકો પણ જોડાયાં હતા.

૮ માર્ચ મહિલા દિવસ નિમિત્તે શહેરના સેકટર-૬-એની મહિલાઓ દ્વારા કોરોના વેકિસન લઈને મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જન્મદિને વધામણી

બાબુભાઈ જેબલીયા
પ્રમુખ, કિસાન મોર્ચો ગુજરાત પ્રદેશ, ભારતીય જનતા પાર્ટી



રમેશ ગોરધનદાસ ચંદવાણી
ઉપપ્રમુખ, સિંધી પંચાયત
ગાંધીનગર
મો. ૬૩૫૪૧ ૯૫૯૬૪

જય પંચોલી
ધી ટ્રાવેલ નેટવર્ક
મો. ૮૯૦૫૩ ૬૨૯૩૧

દર્પી ઘનશ્યામભાઈ પટેલ
મો. ૯૯૨૫૦ ૪૯૦૧૮

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. બિહોલા રઘુજી ઉદાજી
  ઉ.વ. ૭૮, પાલજ
- સ્વ. પટેલ શારદાબેન સોમાભાઈ
  ઉ.વ. ૮૩, સોનીપુર
- સ્વ. પટેલ નારાયણભાઈ અરજણભાઈ
  ઉ.વ. ૭૬, વડાલી, જી. બનાસકાંઠા
- સ્વ. દેસાઈ ગાંડાભાઈ માંડણભાઈ
  ઉ.વ. ૭૧, વાવોલ, નારાયણનગર
- સ્વ. પટેલ કાશીબેન અમૃતભાઈ
  ઉ.વ. ૮૦, રીદ્રોલ, માણસા
- સ્વ. પટેલ કાળાભાઈ વરવાભાઈ
  ઉ.વ. ૬૪, ઈટાદરા, માણસા

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. શાહ વિણા નિર્વાણભાઈ
  ઉ.વ. ૬૧, સેકટર-૮
- સ્વ. શહા બીશ્વાસ
  ઉ.વ. ૮૫, કુડાસણ
- સ્વ. પટેલ ધુળીબેન ચીમનલાલ
  ઉ.વ. ૮૮, રાયસણ

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર ખાતે આવેલી શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, વ્યાવસાયિક અધ્યયન દ્વારા તેમના બી.એસ.સી.મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'કેમ્પસ પ્લેસમેન્ટ ઑફ એબ્સોલ્યુટ ફિલ્ટરટેક' નું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. રસાયણશાસ્ત્ર, માઈક્રોબાયોલોજી અને એમએલટી વિદ્યાર્થીઓના સફળ પ્લેસમેન્ટ અને ભરતી પ્રક્રિયાના અંતે ૩ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

આ સફળ કેમ્પસ પ્લેસમેન્ટ ઈવેન્ટના આયોજન માટે પ્લેસમેન્ટ ઓફિસર કુ. શાનુ ખંડેલવાલ અને કુ. નેહા બિહોલા, આચાર્ય ડો.આકાશ પટેલ અને સમગ્ર પ્લેસમેન્ટ ટીમે સફળ પ્રયત્નો કર્યા હતા.

ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, ડિરેક્ટર પ્રોફેસર રવિકુમાર, પ્રિન્સિપલ પ્રોફેસર ડૉ. આકાશ પટેલ અને પ્લેસમેન્ટ સેલ પસંદ કરાયેલા તમામ ઉમેદવારોને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે અભિનંદન પાઠવે છે.

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવ

ગાંધીનગર, તા.૮

સરકારી વિજ્ઞાન કોલેજ તથા જીલ્લા રોજગાર વિનિમય કચેરીના સંયુક્ત ઉપક્રમે કોલેજના અંતિમ વર્ષ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેમના શિક્ષણ, રસ, કલા અને કૌશલ્યો અનુસાર રોજગારી ની તકો ઉપલબ્ધ થાય તે હેતુથી આજે કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ ઓફિસર તથા ઉદીશા પ્રકલ્પના ચેરમેન ડો. જિજ્ઞાસા ટી. ઠુંમરના કોલેજના બીએસસી તથા એમએસસીના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા કુલ ૮૩ વિદ્યાર્થીઓ પૈકી ૩૨ વિદ્યાર્થીઓનું પ્રાથમિક સિલેકશન તથા ૨ વિદ્યાર્થીઓનું ફાઈનલ સિલેકશન થયું હતું.

વિશ્વ મહિલા દિન નિમિત્તે વાવોલના બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, રોટરી કલબના પ્રેસિડેન્ટ ઈલાબેન વોરા, સ્મિતાબેન પટેલ સહિત ૧૩૦ જેટલી મહિલાઓ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમમાં કેન્દ્રના સંચાલિકા હંસાદીદીનું સ્વામિ વિવેકાનંદ યુથ ગ્રુપ દ્વારા પ્રમાણપત્ર અર્પણ કરી તેમજ તમામ મહિલાઓનું વિશેષ તાજ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

આઈઆઈટીઈ દ્વારા કોઈ મેસ ચલાવવામાં આવતી નથી

હોસ્ટેલની સુવિધા માત્ર મરજિયાત ધોરણે આપવામાં આવે છે : આઈઆઈટીઈ

ગાંધીનગર, તા.૮

ગત તા.૪ માર્ચથી આઈઆઈટીઈના સંકુલમાં ધરણા પર બેઠેલાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ધ્યાનમાં લઈને આઈઆઈટીઈના સેન્ટર ઓફ એજ્યુકેશનના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓના પ્રશ્નોના યોગ્ય સમાધાન માટે શનિવારે મોડી સાંજ સુધી તેમની સાથે સંવાદ સાધવાના પૂરતા પ્રયાસો હાથ ધર્યા હતા. આઈઆઈટીઈના રજિસ્ટ્રાર અને કુલપતિ દ્વારા પણ યુનિવર્સિટી કક્ષાએ વિદ્યાર્થીઓને યોગ્ય રીતે સમજાવવાના પૂરતા પ્રયાસો કરવામાં આવ્યા હતાં. આમ છતાં, વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અને કુલપતિના કાર્યાલયમાં જવાનો માર્ગ બાધિત કરીને, સમગ્ર યુનિવર્સિટીના વ્યવસ્થાતંત્રની કામગીરીમાં સતત અડચણ ઊભી કરવામાં આવી હતી.

આઈઆઈટીઈ ખુલાસો કરવામાં આવ્યો છે કે સંસ્થા દ્વારા માત્ર હોસ્ટેલની સુવિધા માત્ર મરજિયાત ધોરણે આપવામાં આવે છે. આથી ખાનગી હોસ્ટેલ ચલાવતા અને એ વ્યવસાય સાથે સંકળાયેલા જાતે બની બેઠેલા વિદ્યાર્થી નેતાના બેબુનિયાદ સમાચારોથી દૂર રહેવું. આ વિદ્યાર્થી નેતાઓ પોતે હોસ્ટેલમાં રહેતા નથી. આખરે તેમને પોલીસની મદદથી યુનિવર્સિટી સંકુલમાંથી દૂર કરવામાં આવ્યાં છે.

જીએચએમસી ખાતે પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ.નો પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને સ્વ. જશુબેન ભગવાનભાઈ ગોહિલ હોમિયોપેથિક હોસ્પિટલ મુબારકપુર ગાંધીનગર ખાતે પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ.ના પ્રવેશની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નવા પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ અને વાલીઓને હોમિયોપેથી અને આ કોર્સ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ડૉ. સંજય જોશી (ચીફ-મેનેજર ઓફ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટ એન્ડ એડિશનલ ડાયરેક્ટર ડીઝાસ્ટર મેનેજમેન્ટ ગર્વમેન્ટ ઓફ ગુજરાત) ઉપસ્થિત રહ્યાં હતાં. તદઉપરાંત અન્ય મહેમાનોમાં મિ.જે.ટી. સોનારા (ડી.વાય.એસ.પી.,પાટણ), ડૉ. જી.કે.ચૌહાણ (પ્રેસિડેન્ટ આઈ.એમ.એ. આણંદ) તેમજ એડ્વોકેટ ગુજરાત હાઈકોર્ટ મિ. રાહિલ જૈન પણ ઉપસ્થિત રહ્યાં હતાં. સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. રાજેન્દ્ર આસરા અને સંસ્થાના ચેરમેન મિ. પ્રવીણ ગોહિલ દ્વારા આપવામાં આવેલ વક્તવ્ય વિદ્યાર્થીઓને અતિઉત્સાહી તેમજ મંત્રમુક્ત કર્યા હતાં અને સાથે જ હોમિયોપેથિક ડૉક્ટર બનવા માટે અતિઉત્સાહી અને પ્રેરિત કર્યા હતાં.